**<u>સ્પે.દિ.મુ. નં. ૩૨/૨૦૨૧</u>**

## <u>આંક–૦પ લગત હુકમ</u>

**(૧)** વાદીએ હાલની દરમ્યાન મનાઈ અરજી દાવા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ મેળવવા કરેલી છે. સદર અરજીની હકીકત ધ્યાને લેવામા આવે તો તે નીચે મુજબ છે.

**(૨)** વાદીએ હાલનો દાવો દાખલ કરી તેમની આંક– ૫ ની મનાઈ અરજીમા જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૧૧ ના સંયુકત નામે મોજે અંકલેશ્વર, જી.ભરૂચના અંકલેશ્વર નગર પાલીકા વિસ્તારમા સીટી સરવે નં.૧૦૨/બ વાળી ૧૯૫૩.૮૩ ચોમી. વિસ્તારની જમીનની મિલકત આવેલી છે. સદરહુ મિકલતના માલીકો પૈકી પ્રતિવાદીઓ પૈકી જુલાઈ–૨૦૧૫ ના પ્રથમ સપ્તાહમાં વાદી પાસે આવેલા અને તેઓએ તથા બાકીના માલીક એવા પ્રતિવાદી નં. ૨ થી ૧૧ નાએ આ મિલકત વેચાણ આપવાનુ હોવાનુ જણાવતા વાદીએ વેચાણ રાખવા સંમતિ દર્શાવેલી. વધુમા જણાવેલ છે કે વાદીએ દાવાવાળી મિલકત બાબતે તપાસ કરાવતા મિલકતના સહ માલીક એવા ગંગાબેન ધનજીભાઈ વણકર કે જે પ્રતિવાદી નં.૧ ના માતા થાય છે તેઓ લાપતા હોવાની વિગત જાણેલ તથા દેવજીભાઈ છગનભાઈના વારસો કે જે પ્રતિવાદી નં.૧૨ થી ૧ ૫ સામેલ છે તેણે પ્રતિવાદી નં. ૧ થી ૩ ના અગ્ર હકકધારી મર્હુમ ધનજી રામજી પ્રતિવાદી નં. ૪ થી ૮ ના અગ્ર હકકધારી મર્હુમ કંચન રામજી તથા પ્રતિવાદી નં.૯ થી ૧૧ સામે આ મિલકત બાબતે મહે. અંકલેશ્વર પ્રિન્સીપાલ સિનીચર સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ. નં.૯૪/૧ ૪ થી દાવો કરેલાની વિગત જાણેલી. આ બાબતે પ્રતિવાદી નં.૧ નાએ વાદીને જણાવેલ કે તેમના લાપતા માતાને મૃત્યુ પામેલા જાહેર કરવા કોર્ટ કાર્યવાહી કરનાર છે તથા જરુર જણાયે તેમનો હિસ્સોછુટો પાડવાની કાર્યવાહી કરી વેચાણના સોદાને વાંધો આવશે નહી અને દેવજી છગનભાઈના દાવા બાબતે જણાવેલ કે દેવજીભાઈએ ઉપરોકત મિલકતમાંથી વરસો અગાઉ તેમનો હિસ્સો છોડી દિધેલ છે જેથી તેમનો આ મિલકતમા કોઈ હકક હિસ્સો લાગતો નથી

અને તે બાબતેના કાગળો વાદીને બતાવેલા અને જણાવેલ કે સદર તકરારી દાવાના કામે સમાધાનની વાતચિત પણ ચાલુ છે. બીજી વાદીએ કોઈ ચિંતા કરવી નહી તેમ જણાવેલુ. વધુમાં જણાવેલ છે કે ઉપરોકત દાવાવાળી મિલકત વેચાણ રાખવાનુ નકકી કરી કુલ રૂા. ૧, ૦૫, ૦૦,૦૦૦/– ની રકમમાં વેચાણ રાખવાનો સોદો કરેલો જે સોદા પેટે તા. ૧૦/૭/ ૨૦૧ ૫ ના રોજ રૂા.૫૦૦૦/– રોકડા તથા ૪૫,૦૦૦/– ની રકમના કુલ ૧૧ ચેક યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, પીરામણનાકા શાખાના ચેકથી બાનાની રકમ તરીક ચેક ચુકવી આપેલા. આમ ઉપરોકત મુજબની રૂા.૫,૦૦,૦૦૦/– ની રકમ  બાના પેટે સ્વિકારી તે જ દિવસે  એટલે કે તા. ૧૦/૦૭/૨૦૧૫ ના રોજ રૂા.૧૦૦/– ના સ્ટેમપ પેપર ઉપર પ્રતિવાદી નં.૧ થી ૧૧ એ તેમના તથા તેમના વંશ વાલી વારસોને બંધનકર્તા હોવાનુ જણાવી બાનાકરાર લખી આપી નોટરાઈઝ કરી આપેલ અને તે મુજબ કબજા સાથેનો બાના કરાર કરી આપતા તે સમયથી અત્યારસુધી આ મિલકત વાદીના કબજામાં છે. વધુમાં જણાવેલ છે કે બાના કરારનુ પાલન કરવા પ્રતિવાદી નં.૧ થી ૧૧ નાએ તેમના અંગત અને વિશ્વાસુ ભુપતભાઈ ભગુભાઈ પટેલને  કુલમુખત્યારનામુ લખી આપવાનુ નકકી કરતા અને આ કુલમુખત્યારનામુ રજી. કરવાનુ હોય તેના સ્ટેમ્પની રકમ ૫,૧૪,૮૦૦/– થાય છે તેવુ વાદીને જણાવેલુ અને તે રકમ આપવા વાદીને કહેલ જેથી વાદીએ દિપકભાઈ ભગુભાઈને સ્ટેમ્પ વેન્ડર પી.એસ. પટેલ પાસ ેથી સ્ટેમ્પ લઈ લેવા જણાવતા તેમણે સ્ટેમ્પ લઈ પ્રતિવાદી નં. ૧ થી ૧૧ ને જાણ કરતા પ્ર તિવાદી નં. ૧ થી ૧૧ એ દાવાવાળી મિલકત બાબતે ઈરરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની સબ રજીસ્ટ્રાર કચેરી અંકલેશ્વર હાજર રહી નોંધણી કરાવેલી. ત્યારબાદ તા.૧૭/૬/૧૭ ના રોજ વાદીએ બેંક ઓફ બરોડામા મેઈન શાખા અંકલેશ્વરમા આવેલ તેમના મેસર્સ મેઘના પેટ્રોલીયમના ખાતામાંથી દિપકભાઈ ભગુભાઈને સદર રકમ તેમના બેંક ઓફ બરોડા મેઈન શાખા અંકલેશ્વરમા ટ્રાન્સફર કરેલ અને તે રકમ દિપકભાઈએ સ્ટેમ્પ વેન્ડર પી.એસ. પટેલને આર.ટી. જી.એસ. કરી ચુકવી આપેલ ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૧૧ એ દિપકભાઈ ભગુભાઈને લખી આપેલ કુલમુખત્યારનામા આધારે દાવાવાળી મિલકતના ટાઈટલ કલીયર કરવાની કાર્યવાહી શરુ

કરેલી અને કાર્યવાહીના ભાગરુપે પ્રતિવાદી નં.૧ થી ૧૧ ના કુ.મુ દિપકભાઈએ દાવાવાળી જમીનને લગતા રેકર્ડની જે તે કચેરીમાં તપાસ કરેલી જેથી પ્રતિવાદી નં.૧ થી ૧૧ ને એવી શંકા ઉપસ્થિત થયેલી કે તેમના કુલમુખત્યાર તેમની જમીન બારોબાર કોઈ ત્રાહીત ઈસમોને વેચવાની પેરવી કરી રહેલ છે જેથી પ્રતિવાદી નં. ૧ થી ૧૧ પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબ અંકલેશ્વર ની કોર્ટમા રે.દિ.મુ. ૧૭૨/૨૦૧૭ થી વાદી તથા કુલમુખત્યાર દિપકભાઈ ભગુભાઈ સામે દાવો દાખલ કરેલો અને દાવાવાળી મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપવામાં ન આવે ત્યા સુધી કુલમુખત્યારનામાનો અમલ કરવા હકકદાર નથી તે મતલબનો દાવો કરેલ. વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદી નં. ૧ થી ૧૧ નાએ દાવો દાખલ કરતા તેમના કુલમુખત્યાર ટાઈટલ કલીયર કરવા કોઈ કાર્યવાહી કરી શકે તેમ નથી તથા પ્રતિવાદી નં. ૧ થી ૧૧ બાના કરારની શરતોનુ પાલન કરવા કોઈ કાર્યવાહી કરતા ન હોય વાદીએ વેચાણ અવેજની રકમ સ્વિકારી પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતા પ્રતિવાદી નં.૧ તા. ૪/૧/૨૧ ના રોજ વાદી પાસે આવી તેમના માતા મૃત્યુ પામેલા હોય જાહેરાત માટે કોર્ટમા કાર્યવાહી ચાલે છે તેના માટે ખર્ચની રકમની જરુર હોય દાવાવાળી જમીનના વેચાણ અવેજ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/– ની માંગણી કરતા વાદીએ તેમના બેંક ઓફ બરોડા મેઈન શાખા અંકલ ેશ્વર ના ખાતામાંથી એન.ઈ.એફ.ટી. મારફતે રૂા.૧,૦૦,૦૦૦/– ચુકવેલ અને ત્યારબાદ ફરીથી તા.૩૧/૩/૨ ૧ ના રોજ વાદી પાસે આવી દેવજીભાઈ છગનભાઈના દાવાના કામે સમાધાન માટે રૂા..૫૦,૦૦૦/– ની જરુર હોય જેથી સદર રકમની માંગણી કરતા એન..ઈ. એફ.ટી. મારફતે રૂા.૫૦,૦૦૦/– પ્રતિવાદીને ચુકવી આપેલા અને ત્યારબાદ વેચાણ અવેજ પેટે તા. ૩૦/૬/૨૧ ના રોજ રૂા.૩૦,૦૦૦/– તથા ૧૭/૮/૨૧ ના રોજ રૂા. ૧૫,૦૦૦/– તથા તા. ૩૧/૧૦/૨૧ ના રોજ રૂા.૨૦,૦૦૦/– તથા તા.૧૯/૧૧/૨૧ ના રોજ રૂા. ૧૫,૦૦૦/– તથા તા.૨૦/૧૧/૨૧ ના રોજ રૂા. ૧૫,૦૦૦/– મળી રોકડા કુલ રૂા. ૯૫,૦૦૦/– ટુકડે ટુકડે વેચાણ અવેજ પેટે પ્રતિવાદી નં.૧ ને ચુકવેલા. આમ, વાદીએ કુલ રૂા.૧૨,૫૯,૫૦૦/– વેચાણ અવેજ પેટે પ્રતિવાદી નં. ૧ થી ૧૧ ને ચુકવી આપેલા છે. વધુમા જણાવેલ છે કે ડિસેમ્બર

૨૦૨૧ ના પ્રથમ સપ્તાહમાં વાદીને એવી પાકી જાણ થયેલી કે પ્રતિવાદી નં.૧ કેટલાક ત્રાહીત ઈસમોને મિલકત વેચાણ કરવા પેરવી કરી રહેલા છે. જેથી હાલનો દાવો દાખલ કરી હાલની અરજી આપી વચગાળાની દાદ માંગેલી છે.

(૨). વાદીએ અરજી દાખલ કરતા પ્રતિવાદીઓને દાવા અરજી તથા મનાઈ અરજીનો સમન્સ તથા નોટીસની યોગ્ય રીતે બજવણી થતા પ્રતિવાદી નં.૧ થી ૩ તથા ૯ થી ૧૧ નાએ આંક– ૨૪ થી દાવાનો તથા મનાઈ અર જીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, સદર દાવાવાળી મિલકતના સં ર્દભમા પ્રતિવાદીએ વાદી વિરુધ્ધ રે.મુ. નં. ૧૭૨/૨૦૧૭ નો દાવો દાખલ કરેલ હોય અંકલેશ્વર ની સીવીલ કોર્ટે સ્ટેટસ કો નો હુકમ ફરમાવેલ હોય તે સંદર્ભે સદર દાવાના આખરી નિકાલ સુધી હાલનો દાવો સી.પી.સી.ની કલમ–૧૦ હેઠળ હાલનો દાવો સ્ટે થવા પાત્ર છે. વધુમા જણાવેલ છે કે વાદી પ્રતિવાદી નં. ૧ થી ૩ ના પિતાના મિત્ર થતા હોય અગાઉ થયેલા દાવાની હકીકત બાબતે માહિતગાર ચાલી આવેલા. વધુમાં જણાવેલ છે કે વાદી પ્રતિવાદી નં. ૧ થી ૩ ના માતૃશ્રીનો પણ અબાધિત હકક હિસ્સો ચાલી આવેલો હોય જેથી તેમની પર વિશ્વાસ અને ભરોસો રાખી તેમની માતાના મરણના દાખલાના અનુસંધાનમાં, નામદાર કોર્ટમા તેમજ નગર પાલીકાની કચેરીઓ તેમજ અન્ય સરકારી તેમજ અર્ધ સરકારી કચેરીઓમા કાર્યવાહી કરવાની થાય અને પ્રતિવાદીઓએ દરેક તબકકે સહી કરવા હાજર રહેવુ પડે. એમા વાદી પોતે કોઈ હકક હિસ્સો ન હોય જેથી દરેક તબકકે તેઓથી તેવી કચેરીમા જઈ શકે તેમ ન હોય જેથી વાદીના કહેવા મુજબ પ્રતિવાદીઓએ બાનાખત કરી આપવો પડશે તેવુ જણાવેલ અને વાદી પ્રતિવાદીઓ અભણ બાઈ માણસ ચાલી આવેલા હોવા અંગે પ્રથમથીજ માહીતગાર હોય વાદી ઉપર પુરેપુરો વિશ્વાસ અને ભરોસો રાખી તેઓએ તૈયાર કરાવેલા બાના કરારમા તેઓએ જણાવ્યા મુજબ સહીઓ કરેલ પરંતુ આ કરાર રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ અને ૪૯ નો બાધ નડતો હોય વાદીનો દાવો ખર્ચ સહ રદ થવા પાત્ર છે. બાના કારારની શરતો બાબતે

પ્રતિવાદીઓને માહિતગાર કરવામા આવેલ ન હતા અને પ્રતિવાદીઓ જમીન માલીકો મોટે ભાગે અભણ બાઈ માણસો હોય વારંવાર નામદાર કોર્ટમા જઈ શકશે નહી તેમ જણાવી દિપકભાઈ ભગુભાઈના નામનુ કુલમુખત્યારનામુ પણ દેવજીભાઈ છગનભાઈના દાવાના અનુસંધાનમાં આપવામાં આવેલુ અને તેમ જણાવી વાદીનો દાવો તથા મનાઈ અરજી ચાલવાપાત્ર ન હોય વાદી ચોખ્ખા હાથે આવેલા ન હોય હાલની મનાઈ અરજી નામંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલી છે.

(૩). પ્રતિવાદીપક્ષે દાવાનો જવાબ રજુ થતા વાદીએ તરફે આંક-૨૭ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ જેમા પ્રતિવાદિઓના જવાની હકિકતોનો ઇન્કાર કરી મનાઇ હુકમ મંજુર કરવા ભાર પુર્વક રજુઆત કરેલ છે.

(૪). વાદીપક્ષે આંક-૫ ની મનાઈ અરજીના સમર્થનમા વિ.વ.શ્રીએ લેખિત દલીલો આંક-૨૯ થી રજુ કરી મનાઈ અરજ મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે અને તેમની દાવા અરજીની તથા મનાઈ અરજીની હકીકતો દોહરાવેલ હોય પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી ફરી તેનો ઉલ્લેખ કરેલ નથી.

(૫). પ્રતિવાદી નં. ૧૨ થી ૧૫ તરફે લેખીત દલીલો આંક-૩૬ થી રજુ રાખેલ છે તથા અન્ય પ્રતિવાદીઓ તરફે આંક-૩૭ ની અરજી ઉપર હુકમ કરી દલીલોનો હકક બંધ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં.૧૨ થી ૧૫ તર્ફે આંક-૩૬ થી લેખીત દલીલો રજુ રાખેલી છે જેમા તેઓએ તેમની દાવાના જવાબની હકીકતો દોહરાવેલ હોય પુનરાવર્તન ટાળવા તેનો પુનરોચાર કરેલ નથી સદર દલીલો ધ્યાન પુર્વક વંચાણે લેવામા આવેલ છે.

(૬) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાના આધારે સદર દાવા દરમ્યાન મનાઈ અરજીનો નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દા //

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું વાદીને દરમ્યાન મનાઈ હુકમ ન આપવામા આવે તો નાણાંથી ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

## // નિર્ણયો //

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

// કારણો //

(૮) મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચા

ઉપરોકત ત્રણેય મુદાઓ એકબીજા સાથે આનુષાંગિક રીતે સંકળાયેલા હોય તેથી એકની એક હકીકતનું પુનરાવર્તન ટાળવા તથા પુરાવાનુ વિશ્લેષણ સરળતાથી થાય તે હેતુથી આ

મુદાઓ ની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે. સૌ પ્રથમ હાલની આ અરજી જે સી.પી.સી ઓર્ડર–૩૯ અન્વયે આપવામાં આવેલ છે તેની કાયદાકીય જોગવાઈઓ જોઈએ તો ......

<u>કામ ચલાઉ મનાઈ હુકમને નિયંત્રિત કરતા કાનૂની સિધ્ધાંતો જોઈએ તો</u>

(૮.૧) સીવીલ પ્રોસીઝડ કોડ, ૧૯૦૮ના ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–રની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિતવમાં હોય તો કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–રની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ, રૂલ–૧ હેઠળના સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે,અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા ફરજ પાડી શકાય નહી. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે, વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સંયુકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારીત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલતને સંતોષ થાય એ રીતનું બતાવવુ જ પડે કે,–

:૧: દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પૂરી શકયતા છે.

:૨: મનાઈહુકમ માંગનાર વ્યકિતના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

:૩: જો મનાઈહુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહી તેવુ અસહય નુકશાન થવાનો સંભવ છે.

''પ્રથમદર્શનીય કેસ'' એટલે વાદીએ કે, કામચલાઉ મનાઈહુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની,સામાન્ય વ્યકિતને,દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનુ ઘ્યાન આપવુ જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીતપણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવો વિચાર પેદા કરે કે, કંઈક અઘટિત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે.વાદીનો કેસ ક્ષુલ્લક કે, ત્રાસદાયક ( Frivolous of Vexations) નથી,અને તેમાં ગંભીર પ્રકારના પ્રશ્ન અંગે ઈન્સાફી કાર્યવાહી કરી નિર્ણય કરવાનો છે. કામચલાઉ મનાઈહુકમની માંગણીના તબકકે, માંગણી કરનાર વ્યકિતનો મહત્વનો પ્રશ્ન સંકળાયેલ છે અને શુધ્ધબુધ્ધિથી તે તેના હકકની માંગણી કરેલ છે,અને તે માટે ઈન્સાફી કાર્યવાહી ની અને ન્યાયી નિર્ણયની જરૂરીયાત ઉભી થયેલ છે.

કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવા માટેની વધારાની એક શરત એવી છે કે, મનાઈહુકમથી કોને વધારે પ્રતિકુળ અસર પડે તેમ છે અને કોને વધારે અનુકૂળ અસર પડે તેમ છે. તેનો પરસ્પર વિચાર કરી તેની સમતુલ્લાના આધારે કામચલાઉ મનાઈહુકમની માંગણી નો નિર્ણય કરવાનો હોય છે. સદર ઘટકને કાનૂની ભાષામાં *Balance of convenience* તરીકે ઓળખાય છે.કામચલાઉ મનાઈહુકમ અંગે નિર્ણય કરતી વખતે પોતાના હુકમથી જે પક્ષકાર ની વિરૂઘ્ધ હુકમ કરવાનો છે, તે પક્ષકાર ઉપર પોતાના હુકમના કારણે શું કે કેટલી પ્રતિકૂળ અસર થશે તે અંગે વિચાર કરવાનો હોય છે. અદાલતે મનાઈહુકમનો નિર્ણય, હુકમ થી થતી પ્રતિકૂળ અને અનુકૂળ અસરોનું તુલનાત્મક મૂલ્યાંકન કરી હુકમ કરવાનો હોય છે. આ ઉપરાંત સગવડતા, અગવડતાની દષ્ટિએ જોઈએ તો મનાઈહુકમની અસામાન્ય દાદનો જવલ્લે જે (અપવાદરૂપ કિસ્સામાં) ઉપયોગ કરવાનો હોય છે.

(૮.૨) માંગણીદારે વધુમાં અદાલતને બતાવવુ જરૂરી બને છે કે, જો માંગણી મુજબ નો કામચલાઉ મનાઈહુકમ તેની તરફેણ માં મંજુર કરવામાં નહી આવે તો તેને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહ્ય અને પારાવાર નુકશાન થશે અને કામચલાઉ મનાઈ હુકમ ની માંગણી સિવાયના તેના માટે બીજી કોઈ ન્યાયી દાદ નો વિકલ્પ નથી, કે જેથી તે પોતાના હકકનું રક્ષણ કરી શકે, અને ઉભા થયેલા કે, થતા નુકશાન ને કે,નુકશાન ના ભય ને અટકાવી શકે અને તેના રક્ષણ માટે અદાલત નો હસ્તક્ષેપ નિ:શંકપણે જરૂરી છે. જેને કાનૂની પરિભાષામાં *Irreparable Injury* "કહેવાય છે. " *Irreparable Injury* " એટલે ગંભીર નુકશાન કે મહત્વશીલ હાની કે, બગાડ કે અતિશય ખોટ કે જે સહેલાઈ થી ભરપાઈ ન થઈ શકે.ʿ*Irreparable Injury* " ત્યારે જ કહેવાય કે, વ્યથિત વ્યકિતને તેની સામેના દુષ્કૃત્ય કે, અપકૃત્યનો બદલો નિશ્ચિત થયેલ માપ દંડ મુજબ નાંણાથી કે, અન્ય કોઈ રીતે મળી શકે નહી. મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલત ને પ્રથમદર્શનીય રીતે એવુ બતાવવુ જ પડે કે, તેના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ અનિવાર્ય છે. " *Irreparable Injury* " નો અર્થ એવો નથી કે, વાસ્તવિક રીતે *Injury* નિવારી શકાય તેવી શકયતા નથી. તેનો અર્થ ફકત એટલો જ કે *Injury* મહત્વપુર્ણ હોવી જોઈએ કે, જેનુ વળતર પૂરતુ મળી શકે નહી. "*The Inadequacy of the remedy by damages* " બે ઘડી એવુ માની લેવામાં આવે કે, વાદીનો પ્રથમદર્શનીય રીતે કેસ છે અને સગવડતા–અગવડતા નું પલ્લું પણ વાદીની તરફેણમાં નમે છે.તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે, શું વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે ? પ્રથમદર્શનીય કેસ ઉપરાંત, માંગણીદારે અદાલત ને બતાવવુ જ પડે છે કે, જો પ્રતિવાદીનુ કૃત્ય અટકાવકવામાં નહી આવે તો તેને નાણાથી ભરપાઈ ન થાય તેવુ અસહ્ય નુકશાન થશે અને તે નુકશાન એવુ થશે કે, જો વાદી ગુણદોષ ઉપર સફળ થશે તો પણ તેને દાવાનુ ફળ મળશે નહી.

મનાઈ હુકમની દાદ એ સમન્યાય સ્વરૂપની દાદ છે. અને તે દાદ મેળવવા માંગતા પક્ષકારોએ મનાઈ હુકમ આપવાના ત્રણ સિધ્ધાંતો પોતાના પક્ષે સબળ રીતે પુરવાર કરવાના

રહે છે. તેમજ મનાઈ હુકમ મેળવવા માંગતા પક્ષકારોએ નામ. કોર્ટમા કલીન હેન્ડથી નામ. કોર્ટ રૂબરૂ આવવુ જોઈએ તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

(૯) આમ, સદર દાવાના કામે બંને પક્ષની રજુઆતો દાવા અરજી તથા પ્રતિવાદીનો જવાબ વંચાણે લેતા હાલના તબકકે ફલીત થાય છે કે, વાદીએ હાલનો દાવો ની.૩/૨ વાળા બાનાકરાર ઉપર આધાર રાખી કરેલ છે. સદર બાનાકરાર ધ્યાને લેતા દાવાવાળી મિલકતની વેચાણ કિંમત રૂા.૧,૦૫,૦૦,૦૦૦/– નકકી કરવામા આવેલી છે અને જે પેટે રૂપિયા પાંચ લાખ રોકડા તથા ચેકથી ચુકવેલ છે. સદર ની.૩/૨ વાળો દસ્તાવેજ નોટરાઈસ છે જે રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ મુજબ ફરજીયાત રજીસ્ટર થવો આશ્યક હોય કલમ–૪૯ મુજબ તે પુરાવા તરીકે ગ્રાહય રાખવા પાત્ર ઠરતો નથી. વધુમા વાદી તેમની દાવા અરજ તથા તેમની લખેતી દલીલોમા જણાવે છે કે, તેઓ બાકીની અવેજની રકમ ચુકવવા રેડી છે પરંતુ માત્ર રેડીનેશ કે વીલીંગનેશા શાબ્દીક રીતે દર્શાવવી પુરતી નથી. વાદી જયોર સ્પેસીફક પરફોરમન્સનો દાવો લઈને આવે છે ત્યારે તેઓએ બાનખતનું પાલન કરવા રેડી અને વીલીંગ છે તે પુરવાર કરવું જોઈએ આ તબકકે ના.સર્વોચ અદાલતે મોહનલાલ તેમના લીગલ વારસો મારફતે વિ. મીરઝા અબ્દુલગફફાર રીપોર્ટેડ ઈન ૧૯૯૬ એઆઈઆર ૯૧૦ ના ચુકાદાને ધ્યાને લેવામા આવે તો,

He should be entitled to retain possession and to continue in possession which he has already received from the transferor so long as he is willing to perform his part of contract. Agreement does not create title of interest in the property. Since the agreement had met with dismissal of the suit his willingness to perform his part of the contract does not arise.

આમ ઉપરોકત ચુકાદાને ધ્યાને લેવામા આવે તો કોઈ પણ એગ્રીમેન્ટ કોઈ પણ મિલકત ઉપર નો ટાઈટલ કે હીત ઉભુ કરતું નથી જયાં સુધી તે એગ્રીમેન્ટનું પાલન કરવા પક્ષકારી વીલીંગ

અને રેડીનેશ ન દર્શાવે વધુમાં ના.સર્વોચ અદાલતે મનકોર વિ. હરતારસિંગ સાંગા ના ચુકાદામા ઠરાવેલ છે કે,

Readiness and willingness refer to the state of mind and conduct of the purchaser, as also his capacity and preparedness on the order. One whitout the other is not sufiicient.

વધુમા ના.સર્વોચ અદાલતે હેલ્ડ કરેલ છે કે,

This Court further held that the averments relation to readiness and willingness are not a mathematical foumula which should be expressed in specific woeds and if the averments in the plaint as a whole, do clearly indicate the readiness and willingness of the plaintiff to fulfil his part of the obligations under the contract, the fact that the wording was different , will not militate against the readiness and willingness of the plaintiff. The above observations cannot be construed as requiring only a pleading in redard to readiness and willingness and not 'proof' relating to readiness and willingness.

આમ ઉપરોકત ચુકાદાના ગુણદોશ ધ્યાને લેતા વાદી હાલના કેસમા રેડીનેશ અને વીલીંગનેશ પુરવાર કરવા કોઈ પુરાવો દર્શાવી શકેલ ન હોય વાદનો પ્રથમદર્શનીય કેસ હોવાનું વાદી પુરવાર કરી શકતા નથી જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવવામા આવે છે.

(૧૦). વાદીએ તેમના દાવામા દાવાવાળી મિલકત પ્રતિવાદીની માલીકીની છે જો તેમા કોઈ મનાઈ હુકમ આપવામા આવે તો દાવાવાદળી મિલકતના મુળ માલીકો તેના માલીકી હકકોથી વંચીત રહી જાય તેમ છે તેમજ વાદીએ હાલના દાવાના કામે સ્ટેમ્પ ડયુટી ગણી લેવામા આવે તો પણ વધુમા વધુ રૂા.૧૨,૫૯,૫૦૦/– ચુકવેલા છે જેની સામે દાવાવાળી મિલકતનો અવેજ રૂા.૧,૦૫,૦૦,૦૦૦/– નકકી થયેલો છે ત્યારે જો મનાઈ હુકમ આપવામા ન આવે અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અન્ય કોઈને વેચાણ કરી દે તેવા સંજોગોમા પણ

વાદી તેમને થયેલ નુકશાન નાણાથી વસુલી શકે છે જયારે પ્રતિવાદીઓના સેન્ટીમેન્ટ દાવાવાળી મિલકત સાથે જોડાયેલ હોય ત્યારે જો મનાઈ હુકમની આડ નીચે પ્રતિવાદીઓને વાદી દાવાવાળી મિલકતમાથી દુર કરી દેતો નાણાંમા ન આંકી શકાય તેવી શયકતા પ્રતિવાદીને રહેલી છે તેમજ વાદી કરતા પ્રતિવાદીને વધુ અગડતા પડે તેમ હોય સગવડતા અગવડતાનું પલ્લુ પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમા વધુ નમતું હોય વાદી મુદ્દા નં.ર તથા ૩ પુરવાર કરી શકતા ન હોય તેનો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે તથા મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આથી, હાલની સી.પી.સી. ઓર્ડર ૩૯(૧)(૨) ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની વાદીની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તા.૦૯ મી, માહે જાન્યુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં

વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અંકલેશ્વર
તારીખ : ૦૯/૦૧/૨૦૨૫.

**(ગૌરવકુમાર એસ. દરજી )**
એડી.સીનીયર સીવીલ જજ ,
અંકલેશ્વર.
કોડ નં.જી.જે.૦૧૪૭૫